**-:: આંક-૧ અન્વયે હુકમ ::-**

**ફોજદારી કેસ નંબર:૧૦૦૭/ ૨૦૨૫**

**-:: હુકમ ::-**

**૧)** સદર કામ આજરોજ લોક-અદાલત હોય સ્પેશીયલ સીટીંગ સંદર્ભે હાથ ઉપર લીધેલ હોય સદર કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરીયાદી ધ્વારા હાલના આરોપીઓ સામે **ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી રૂલ્સના નીયમ-૩(૧)**ના ભંગ અન્વયે ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી ની કલમ-૯(૨) હેઠળ શીક્ષાને પાત્ર ગુના સંદર્ભેની ધોરણસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતાં આરોપીઓ ને તે સંદર્ભે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ.આરોપીઓને સમન્સ બજી જતા આરોપીઓ સદર કામે હાજર થયેલ હોય અને તેને ગુનો કબુલ કરવા દેવા રજુઆત કરેલ છે અને આરોપીઓ ગુના ની કબુલાત પુરશીસ રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છાએ અને રાજી-ખુશીથી પોતાનો ગુનો કબુલ કરેલાનુ જણાવેલ છે. તેમજ ભવીષ્યમાં આવો ગુનો ફરીથી નહી થાય તેવી આરોપી વતી ખાત્રી આપેલ છે અને રહેમ રાખી ઓછામાં ઓછી શીક્ષા કરવા અરજ કરેલ છે.

**૨)** આરોપીઓ ધ્વારા ગુનાની કબુલાત પુરશીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વીરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતા તેઓ પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે, ત્યારબાદ તેની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમા પણ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ આરોપી ધ્વારા સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોવાનુ જણાય છે. ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત લક્ષમાં લેતા તેમજ આરોપી ધ્વારા કરેલ રજુઆત લક્ષમાં અને આરોપીને પોતાના ગુના બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શીક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શીક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવીશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વીરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.-૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંત લક્ષમાં લેતા, અને આરોપીઓ ધ્વારા કરેલ કબુલાતને લક્ષમાં લેતા હાલના આરોપીઓ વીરૂધ્ધ ગુનો સાબીત થયેલ છે, તેમજ તેની રજુઆત ને તેમજ આજરોજ લોક-અદાલત હોય અને ઉપરોકત હકીકતો લક્ષમાં લઈ ન્યાય ના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**(૧) સદર કામે આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૭૫ અન્વયે ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી ગુજરાત રૂલ્સના નીયમ-૩(૧)ના ભંગ અન્વયે ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટની કલમ ૯(૨) હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક આરોપીને રૂપીયા ૧૦,૦૦૦/- (દસ હજાર પુરા) દંડ ની સજા ફરમાવુ છું અને જો દંડ ન ભરે તો દિન-૧૦ ની સાદી કેસની સજા ભોગવવા નો આથી હુકમ કરવામાં આવે છે.આરોપી નંબર-૦૧ વતી આરોપી નંબર-૦૨ નાએ દંડ ભરવો.**

**(૨) આરોપીઓએ કુલ રૂપીયા ૨૦,૦૦૦/- (વીસ હજાર પુરા) દંડ ભરવો.**

**હુકમ આજરોજ તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.**

**સુરત.**

**(હાર્દિક દીલીપભાઈ રાજપુરા)**
**એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**એન્ડ લેબર જજ, કોર્ટ નંબર-૪**
**સુરત.**
**(CODE NO.GJ01291)**